Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# વાવ (Stepwell): એક ઐતિહાસિક અધ્યયન

**ડૉ. કુમારપાળ પરમાર**[1]

1. અસોસિએટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

**નિમિષાબેન પટેલ**[2]

2. રિસર્ચ સ્કોલર, ઈતિહાસ વિભાગ, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સારાંશઃ**

ભારત એ એશિયા ખંડના દક્ષિણ ભાગમાં સ્થિત એક ઉપખંડ છે અને તે પ્રાચીન કાળથી કલા-સ્થાપત્યક્ષેત્રે બાજની ભૂમિકા ભજવે છે. ભારત પાસે તાજમહેલ, લાલ કિલ્લો, અશોક સ્તંભ, વગેરે જેવા સ્થાપત્યના કોહીનૂર છે. આ કોહિનૂરના ગુચ્છામાં પાણીની જરૂરિયાતોને સંતોષવા માટે તૈયાર કરવામાં આવેલ તળાવ, ટાંકી, કુંડ, વાવ, વગેરે જેવા જળ-સ્થાપત્યો પણ હિરાની માફક ચમકે છે. જળ-સ્થાપત્યોમાં 'વાવ' પાણીના સંગ્રહ માટે તૈયાર કરવામાં આવેલ જળ-સ્થાપત્ય છે. પાટણની રાણીની વાવ, અમદાવાદની અડાલજની વાવ, ચાંપાનેરની વાવ, વગેરે વાવ વિશે જગત આખુ જાણે છે, પણ વાવ સ્થાપત્ય શું છે? શેના માટે તૈયાર કરવામાં આવે છે? કોના દ્વારા બનાવવામાં આવી છે? તે કેટલા પ્રકારની હોય છે? તેના વિશે જાગૃતતા ફેલાવવા માટે થઈને પ્રસ્તુત લેખ તૈયાર કરવામાં આવ્યો છે.

**ચાવીરૂપ શબ્દો:** વાવ, Stepwell, વિભાવના, વાવના પ્રકારો

## 1. પ્રસ્તાવના

પૃથ્વીની ઉત્પત્તિ સાથે પાણીની પ્રાચીનતા રહેલી છે, પાણી મનુષ્ય જીવનના વિકાસ માટે અત્યંત મહત્ત્વનું હોવાથી પ્રાચીન કાળથી માનવવસાહતોનો વિકાસ નદીકિનારે થતો રહ્યો. જેમ જેમ માનવ પ્રગતિ કરતો ગયો તેમ તેમ પાણી તેના જીવનનો પર્યાય બની ગયું. પરિણામે નદી કિનારાથી દૂર વસેલાં નગરો માટે માનવકૃત જળાશયો આવશ્યક બન્યાં. તેથી હિંદુધર્મના ગ્રંથોએ જળાશયોના બાંધકામને પૂર્વધર્મમાં સ્થાન આપીને તેને પુણ્યનું કાર્ય ગણાવ્યું. ભારતીય વાસ્તુગ્રંથોમાં પણ નગરોની રચનામાં જળાશયનું સ્થાન મહત્ત્વનું ગણીને, તેની રચના, પ્રકાર, અને તેના વિવિધ ઘાટોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

પશ્ચિમ ભારતમાં આવેલા રાજસ્થાનમાં વર્ષાકાળ દરમિયાન અપૂરતો વરસાદ પડતો હોવાથી એ વિસ્તારમાં ઐતિહાસિક જળાશયો બંધાયાં હોવાની માહિતી પ્રાપ્ત થાય છે. તેવી જ રીતે રાજસ્થાનના સીમાડે આવેલા ઉત્તર ગુજરાતમાં પણ વરસાદનું પ્રમાણ કંઈક અંશે ખેંચવાનું રહ્યું હોવાથી ઉત્તર ગુજરાતમાં ઉપર્યુક્ત સમયગાળા દરમ્યાન નોંધપાત્ર પ્રમાણમાં જળાશયો બંધાવ્યાં હોવાના ઐતિહાસિક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. તે સમયગાળા દરમ્યાન અસ્તિત્વમાં આવેલાં માનવકૃત જળાશયોમાં મુખ્યત્વે ચોતરફ બાંધેલાં સરોવરો, પગથિયાંની રચનાવાળા કુંડ, વિશિષ્ટ રચનાવાળી વાવો તથા કૂવાઓનું સ્થાન નોંધપાત્ર રહ્યું છે,

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

જેમાંથી પ્રસ્તુત શોધપત્રમાં વાવો અંગેની માહિતી નિરૂપવાનો ઉપક્રમ છે[1].

ગુજરાતમાં પ્રાચીનકાળથી અનેક શાસન કર્તાઓએ પ્રજાનાં સુખ સારૂ અને પોતાની યાદગીરી માટે વાવ બંધાવી છે ઉપરાંત ઘણા વેપારીઓ તેમજ વણઝારાઓ તરફથી પણ વાવ બંધાવવામાં આવી છે. આજે ઈતિહાસ, પુરાતત્વ, સ્થાપત્ય, સિવિલ વગેરે વિષયના વિદ્યાર્થીઓ, અભ્યાસું, અધ્યાપકો, સંશોધકોમાં વાવના અભ્યાસનું ચલણ વધ્યુ છે, તેઓ વાવ સ્થાપત્યમાં રસ લેતા થયા છે. પણ ધ્યાનાકર્ષક એવી વાવનો અભ્યાસ કઈ રીતે કરવો તેની જાણકારીનો અભાવ મહદઅંશે જોવા મળે છે, તેથી આવા અભ્યાસુઓને વાવ સ્થાપત્ય પર ધ્યાનમાં લેવાના મુદ્દાઓ પ્રસ્તુત શોધપત્રમાં રજૂ કરવામાં આવ્યા છે.

## 2. વાવનો અર્થ અને વિભાવનાઓ

હિન્દુ વાસ્તુશાસ્ત્ર પ્રમાણે વાવ એ કૂવા કરતા અલગ છે તેના માટે ‘વાપીકા’ શબ્દ છે. વાવને દેવભાષા સંસ્કૃતમાં ‘વાપી’ કે ‘વાપીકા’ કહેવામાં આવે છે માતૃભાષા ગુજરાતી અને મારવાડી ભાષામાં ‘વાવ’, જો તે સાઈઝના હિસાબે નાની હોય તો 'વાવડી'[2].

વાવ માટે અંગ્રેજી શબ્દ ‘STEPWELL’ છેઃ જેનો અર્થ થાય છે 'પગથીયાવાળો કૂવો'. રાષ્ટ્રભાષા હિન્દીમાં વાવને ‘બાવડી’ તરીકે સંબોધવામાં આવે છે. ઉત્તર ગુજરાતમાં જઈએ તો વાવને વાવડી કહે છે, જ્યારે સૌરાષ્ટ્રના કાઠીયાવાડી લોકો તેને ‘વાય’ કે ‘વાઈ’ તરીકે સંબોધે છે. વાવ શબ્દમાં અરબી ભાષાનો ૨૬મો અક્ષર અને ફારસી ભાષાનો ૩૦મો અક્ષર છેઃ રોજનીશીમાં તે શુક્રવાર અને તુલા રાશિ બતાવે છે, અરબી ભાષામાં આ શબ્દ ‘સોગંદ’ માટે વપરાય છે. આ સિવાય વાવની સાહિત્યિક વિભાવનાઓ અને વિદ્વાનો દ્વારા આપેલ કેટલીક વ્યાખ્યાઓ નીચે મુજબ છે.

- ભગવદ્ગોમંડલ મુજબ, ‘ઢાળ પડતાં પગથિયાવાળો લંબાણ કૂવો; અંદર ઊતરવાનાં પગથિયાંવાળો કૂવો.’ વળી, વાપીનો અર્થે, ‘સોળસો હાથની લંબાઈવાળો અને પહોળાઈમાં તેના જેટલો અથવા તેથી ઓછો જે જળપ્રદેશ હોય, તેને વાપી કહેવાય છે[3].’

[1] પંડ્યા, મહેશચંદ્ર. (1999), ઉત્તર ગુજરાતની વાવો (ઈ.સ.942 થી 1500), (સંપા. સુભાષ બ્રહ્મભટ્ટ, ભારતી શેલત, વાય.કે. ચિતલવાલા અને રવિ હજરનીસ), પથિક. દીપોત્સવાંક-ઓક્ટો.-નવે.1999. 40 (1, 2, 3): 97-101

[2] Pandya, Sumanben and Kumarpal Parmar (2019), Stepwell: Archictural Tresure of Gujarat A Guidebook, Ahmedabad: Historical and Cultural Research Center: 4

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

- વિકિપીડીયા મુજબ, 'વાવ એ કૂવાનો જ એક પ્રકાર છે, જેમાં કૂવો પગથિયાં સાથે જોડવામાં આવેલો હોય છે, બીજા શબ્દોમાં કહીએ તો કૂવામાંનાં પાણી સુધી પગથિયાં દ્વારા પહોંચી શકાય તેવો કૂવો[4]'
- ઈતિહાસકાર ડૉ. મહેશચંદ્ર પંડ્યા મુજબ, 'વાવ એટલે તાપથી ત્રાસેલો મુસાફર, દોરી કે લોટા જેવા કોઈ પણ પ્રકારના સાધન વગર ઠંડુ પાણી પી શકે તથા ગોખમાં બેસીને ઠંડકપ્રદ આરામ કરી શકે તેવી વિશિષ્ટ પ્રકારની કૂવા જેવી રચના![5]'
- ઈતિહાસકાર ડૉ. કુમારપાળ પરમાર મુજબ, 'વાવ એ જમીન પરની કંટાળાજનક બાહરી દૂનિયામાંથી ખુશનુમા દૂનિયામાં જવા માટેનો પ્રવેશદ્વાર છે.'
- સંશોધક નિમિષાબેન પટેલ અનુસાર, 'રાહદારીઓ, યાત્રાઓ, મુસાફરોને જળ-વ્યવસ્થાની સાથે સાથે રોકાવા માટે આરામદાયક વાતાવરણ અને રક્ષણ આપતો પગથિયાવાળો કૂવો.'
- Archaeologist Dr. Sumanben Pandya, "Stepwell means the well with the steps, the well and stepwells are different[6].
- Historian Rana Safvi, "Stepwells are a repository of India's historical tales, used for social gatherings and religious ceremonies; a stepwell serves as cool retreats for travellers as the temperature at the bottom was often five-six degrees lesser. Stepwells helped create bonhomie in common spaces as well as providing water for communities. They are an ingenious system for rainwater harvesting and served as water reservoirs. Revival of stepwells could be a significant step in our fight to overcome water shortage[7]."

---

[3] ભગવદ્ગોમંડલ

[4] https://gu.wikipedia.org/wiki/%E0%AA%B5%E0%AA%BE%E0%AA%B5

[5] પંડ્યા, મહેશચંદ્ર. (1999), ઉત્તર ગુજરાતની વાવો (ઈ.સ.942 થી 1500), (સંપા. સુભાષ બ્રહ્મભટ્ટ, ભારતી શેલત, વાય.કે. ચિતલવાલા અને રવિ હજરનીસ), પથિક. દીપોત્સવાંક-ઓક્ટો.-નવે.1999. 40 (1, 2, 3): 97-101

[6] Pandya, Sumanben and Kumarpal Parmar (2019), Stepwell: Archictural Tresure of Gujarat A Guidebook, Ahmedabad: Historical and Cultural Research Center: 5

[7] https://www.bbc.com/future/article/20211012-the-ancient-stepwells-helping-to-curb-indias-water-crisis

- Chicago-based author Victoria Lautman, "Stepwells are unique since we generally look up at architecture, not down into it, as one looks around the parade of steps, tall columns loom over, creating shifting views through a powerful play of light and shadow that is beautiful as well as mysterious[8].

વાવોની અદ્ભુત રચનાથી પ્રભાવિત થયેલા હેવેલે જણાવ્યું હતું કે, “રોજ પાણી ભરવા આવનાર માટે સંસ્કારનો આ ખજીનો તૈયાર કરનાર કારીગરો અને બંધાવનારાઓને, યુરોપિયન બાંધણીનું હલકાપણું શીખવવું તે મૂર્ખાઈ ભરેલું કાર્ય છે![9]”

### 3. સાહિત્યમાં વાવના વર્ણનો

दस कूप समा वापी, दस वापी समो हृद: |

दस हृद समः पुत्रो, दस पुत्र समो द्रुमः ||

મત્સ્ય પુરાણમાંના ઉપરોક્ત શ્લોકની પ્રથમ લીટીનો અર્થ થાય છે કે, એક વાવ દસ કુવા બરાબર અને દસ કુવા એક તળાવ ખોદાવ્યા બરાબર પૂણ્ય આપે છે.

રણજીતરામ સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરનાર રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પુસ્તક ‘રઢિયાળી રાતના રાસ’ માં સુરેન્દ્રનગરની માધાવાવ અંગેનું લોકગીત સમાવી લેવાયું છે[10].

બાર બાર વરસે નવાણ ગળાવ્યાં,

નવાણે નીર નો આવ્યાં જી રે !

તેડાવો જાણતલ તેડાવો જોશી,

[8] ibid
[9] પંડ્યા, મહેશચંદ્ર. (1999), ઉત્તર ગુજરાતની વાવો (ઈ.સ.942 થી 1500), (સંપા. સુભાષ બ્રહ્મભટ્ટ, ભારતી શેલત, વાય.કે. ચિતલવાલા અને રવિ હજરનીસ), પથિક. દીપોત્સવાંક-ઓક્ટો.-નવે.1999. 40 (1, 2, 3): 97-101
[10] પરમાર, કુમારપાળ અને રાકેશ પરમાર, (2022), "વણઝારી વાવ"ની કથા, સુરેન્દ્રનગર જિલ્લાની વાવઃ માધા વાવ, https://www.youtube.com/ watch?v=9k9CNYdUho8&t=6s

જોશીડા જોશ જોવરાવો જી રે !

ઉપરોક્ત લોકગીત જુદાં જુદાં અનેક ગામોનાં જળાશયો વિષે આ કથા છે. નવાણમાં પાણી નથી આવતું; જળદેવતા ભોગ માગે છે: ગામનો ઠાકોર પોતાનાં દીકરા-વહુનું બલિદાન ચડાવે છે. વાત્સલ્યની વેદના, દાંપત્યની વહાલપ અને સમાજ-સુખ કાજે સ્વાર્પણ: એ ત્રણે ભાવથી વિભૂષિત બનીને જળસમાધિ લેનારાં આ વરવધૂએ લોક-જીવનમાં અમર એક અશ્રુગંગા વહાવી દીધી છે, વગેરે ના વર્ણનો જોવા મળે છે.

કવિ દલપતરામે પોતાના કાવ્યમાં પણ વાવનું મહત્વ સમજાવવાનો ઉમદા પ્રયાસ કર્યો છે[11].

‘નિર્જળ ગામ નવાણ ગળાવો,

વાવ કુવા નદી તળાવો શોધી,

જુના હરિ અર્ધ સુધારો એ

દાનના ધણી ધર્મ તમારો’

પદ્મશ્રી મહાકવિ અવિનાશ વ્યાસ એ આપોઆપ પગ થરકાવવાનુ અને કેડ લચકાવવાનું મન થઇ જાય એવુ મસ્તીસભર ગીત વાવ પર રચ્યું છે.

વગડાની વચ્ચે વાવડી ને વાવડીની વચ્ચે દાડમળી

દાડમળી ના દાણા રાતા ચોળ ,

રાતા ચોળ સે પગમા લકક્ડ્ પાવડી ને ,

જરીયલ પેરી પાઘલડી પાઘલડીના તાણા રાતાચોળ,

લોકસાહિત્યમાં પણ વાવના ઉલ્લેખ મળી આવે છે,

[11] ઠાકર, કપિલ (2007), બનાસકાંઠા જિલ્લાની વાવનું ઐતિહાસિક અધ્યયન, અમદાવાદ: ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ: 24

‘હો રાજ રે, વાવડીના પાણી ભરવા ગઈ’તી,

પડોશણ સાથે ગઈ’તી

મારી સાસુએ મોકલી’તી

મને કેર કાંટો વાગ્યો’

પ્રવર્તમાન યુગમાં જ્યારે વાવ ના સરક્ષણ અને જાળવણીમાં કોઇ વિષેશ પ્રયાસો નથી રહ્યા, ત્યારે વાવની હાલતનું વર્ણન કરતા કુમારપાળ પરમાર નોંધે છે[12],

ઉતરી રહ્યો છું પગદંડી, એ અનેરી છાવની..

વિસરાઈ રહી છે, અજબ સંસ્કૃતિ મારા ગાવની..

ખબર નથી લાઉ કઈથી, ઓલી ઔષધી મારા આ ઘાવની..

રમી રહ્યા છે વર્તમાન ખેલૈઓ, નાની-નાની બાજી મોટા દાવની..

ખબર છે દૂર નથી એ સમય, ડુબવાની ઓલી નાવની..

વારસાને વિસરાઈ રહેલો નજદીક નિહાળ્યો છે કુમાર એ

જ્યારે જ્યારે મૂલાકાતો લીધી છે, વિસરાઈ રહેલી વાવની..

આમ, પ્રાચીન અને અર્વાચીન સાહિત્ય, કાવ્યો, કહેવતો, ગીતો, દંતકથાઓ વગેરે દ્વારા પણ વાવ સ્થાપત્યનું મહત્વ વધાર્યું છે.

12 પરમાર, કુમારપાળ (2022), “વાવઃ એક સ્થાપત્ય કોહિનુર”, કસુંબો (ઇ-મેગેઝીન): 7 (ફેબ્રુઆરી-2022), અમદાવાદઃ રૈન્બો ફોર્સ ફાઉન્ડેશનઃ 1-4

## 4. વાવ નિર્માણ કેમ ?

બૃહદ શિલ્પ શાસ્ત્ર પ્રમાણે પાણીએ પ્રાણીમાત્રનું જીવન છે અને જે કોઇ કૂવા, તળાવ, વાવ વગેરે બંધાવશે તેની સદ્દગતી થશે. મત્સ્ય પુરાણમાં વર્ણિત વાવની અગત્યતાનાં લીધે વર્ષોથી પાણીનાં સંગ્રહ માટે અને સરળતાથી પાણી મળી રહે તેવા આશયથી ઘણાં જળાશયો બાંધવામાં આવ્યા છે જેમાં વાવ વિશેષ છે.

વળી, ધાર્મિક દ્રષ્ટ્રિએ વાવ બંધાવવી એ મોટું પૂણ્યનું કાર્ય ગણાતું, મોટાભાગના ધર્મ લોકો અને પ્રાણીઓની સુખાકારી કરવા પ્રેરિત કરે છે. હિન્દુ ધર્મમાં તેને 'પુત્રધર્મ' કહે છે, એને સાદા અર્થમાં જોઈએ તો- 'પ્રજા કલ્યાણ કાર્યો'. વાવોનું નિર્માણ પુણ્ય અને ધાર્મિક કાર્યો માટે કરવામાં આવતું હતું. પદયાત્રીઓને રોકાવા તેમજ પાણી મળી રહે તે માટે મંદિર અને આરામ ગૃહના સ્થાપત્યના અર્થે વાવોનું નિર્માણ કરવામાં આવતું. વાવનું નિર્માણ કરાવવાનું સામાન્ય માણસ માટે મોંઘુ હોઈ તે ખાસ કરીને રાજા-મહારાજાઓ, રાણી, સુલતાન, તેમના પરિવારજનો, શ્રેષ્ઠીઓ, વગેરે પુણ્ય પ્રાપ્ત કરવા વાવ બનાવતા અથવા બનાવડાવતા[13]. ઘણીવાર પતિ, દિકરા, વગેરેના સ્મારક રૂપે પણ વાવ નિર્માણ કરવામાં આવેલી જોવા મળે છે. દા.ત. રાણીની વાવ- પાટણ, અડાલજની રાણી રૂદ્રબાઈની વાવ-અમદાવાદ, બંને પતિની યાદમાં બનાવવામાં આવી હતી.

ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં માલધારી વણઝારાઓ વેપારી કારણોસર હેરફેર કરતા હતા તેથી વેપારી માર્ગો પર તથા ગામને ગોંદરે પીવાના પાણી માટે વાવો બંધાવતા. વાવોનો આધાર પાતાળ-પાણી પર રહેતો હોવાથી તે સર્વ ઋતુઓમાં ઉપયોગી બનતી. તેથી તે કાર્યને પૂર્વધર્મ સમજીને પુણ્ય પ્રાપ્ત કરવા તથા નામ અમરે કરવાના હેતુથી સ્ત્રીઓ તથા ધનવાનો વાવો બંધાવતાં. વાવ બંધાવનાર અંગેની માહિતી ન મળે તેવી વાવને વણઝારેના નામે આગવી 'વણઝારી વાવ' તરીકે ઓળખવામાં આવતી.

## 5. વાવનો ટૂંકમાં ઈતિહાસ

ગુજરાતમાં વાવોનો ઈતિહાસ ૫૦૦૦ વર્ષ પુરાણો એટલા માટે કહેવાય છે કે કચ્છના રણમાં આવેલ ખડીર ટાપુ પર સિંધુ ખીણની સંસ્કૃતિની વસાહત હતી, જેના ધોળાવીરામાંથી પ્રથમ વાવ મળી આવી છે, જે લગભગ વિશ્વની પ્રથમ વાવ છે.

[13] પરમાર, કુમારપાળ (૨૦૨૨), "વાવ: એક સ્થાપત્ય કોહિનુર", કસુંબો (ઇ-મેગેઝીન): 7 (ફેબ્રુઆરી-2022), અમદાવાદ: રૈન્બો ફોર્સ ફાઉન્ડેશન: 1-4

ત્યાર બાદ, ગુપ્ત કાળ, મૈત્રકકાળ, સોલંકી-વાઘેલા કાળ, મુસ્લિમ-મરાઠા કાળ અને બ્રિટીશકાળમાં ક્રમશઃ વાવોના નિર્માણ થયેલા છે. સુરેન્દ્રનગરના વાંકાનેરમાં ઇ.સ.૧૯૩૬માં તૈયાર કરવામાં આવેલું છેલ્લુ વાવ સ્થાપત્ય જણાય છે[14].

વિશ્વમાં વાવ સ્થાપત્યના સૌથી વધુ નમુનાઓ ગુજરાત અને પડોશી રાજ્ય રાજસ્થાનમાં મળી આવે છે. ગુજરાતમાં પણ ખાસ કરીને સૌરાષ્ટ્ર અને અમદાવાદમાં વાવોની સંખ્યા વધુ છે. સૌરાષ્ટ્ર અને મધ્ય તેમજ ઉત્તર ગુજરાતની  વાવ સ્થાપત્યની શૈલીમાં ભિન્નતા જોવા મળે છે. સૌરાષ્ટ્રની શૈલીમાં મોટાભાગની વાવોમાં વાવના કૂટાઓ ઈલીકા ભાત શૈલીમાં પર ઘુમ્મટ તૈયાર કરેલા જોવા મળે છે, આવા ઘુમ્મટ ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતની વાવોમાં ઓછા સ્થાપિત કરેલા જોવા મળે છે[15].

## 6. વાવની રચના

નાગરિક-સ્થાપત્યમાં વિશિષ્ટ મહત્ત્વ ધરાવતી વાવની રચના ગુજરાત અને રાજસ્થાનમાં વિકાસ પામી, જેની રચના ખાસ કરીને લંબચોરસ છે. તેને એક છેડે કૂવો અને બીજે છેડે પાણીની સપાટી સુધી પહોંચતાં પગથિયાં હોય છે. પિપાસુને શ્રમ ન પડે તે હેતુથી વાવમાં પડથાર રાખવામાં આવતા. પડથારની દીવાલોના ગવાક્ષો દેવદેવીઓનાં શિલ્પોથી અલંકૃત રહેતા. પાણીની સપાટીએ પહોંચતા સુધીમાં ત્રણ, ચાર કે સાત મજલા (કૂટ), સ્તંભોને આધારે કરવામાં આવતા.

વાવનું નિર્માણ ભૂસ્તરશાસ્ત્ર, જ્યોતિષ, ભૂગોળ, ભૂમિતિ, ગણિત અને ધર્મના આધારે કરવામાં આવતું હતું. જે પરથી વાવને હિન્દુ વાસ્તુશાસ્ત્રનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરુ પાડનાર કહી શકાય. સ્થાપત્યકલા અને હિન્દુ વાસ્તુશાસ્ત્ર પ્રમાણે વાવને મુખ્ય ચાર ભાગમાં વહેવામાં આવેલી છે. ૧. નંદાઃ એક મુખી વાવ, ૨. ભદ્રાઃ દ્વિમુખી વાવ, 3. જયાઃ ત્રિમુખી વાવ અને ૪. વિજયાઃ ચાર મુખી વાવ. એટલે કે વાવના પ્રવેશદ્વારને આધારે આમ કરવામાં આવ્યું છે. આ સિવાય વાવના અન્ય પ્રકારો પણ જોવા મળે છે[16]:

---

14 પરમાર, કુમારપાળ (૨૦૨૨), “વાવઃ એક સ્થાપત્ય કોહિનુર”, કસુંબો (ઇ-મેગેઝીન): ૭ (ફેબ્રુઆરી-૨૦૨૨), અમદાવાદઃ રૈન્બો ફોર્સ ફાઉન્ડેશનઃ ૧-૪

15 Parmar, K. (2023). Stepwells of MADHA as Ancient Water Harvesting Architectural Heritage _પ્રાચીન જલ સ્થાપત્ય તરીકે માધા વાવ. Kasumbo. 10: 1-4

16 Parmar, Kumarpal (2023), વણઝારી વાવ, મોડાસા, અરવલ્લી_Vanjhari/Vanzari Vav, Modasa, Arvalli, 15-05-2023 retrieval from https://www.youtube.com/watch?v=wOPV7NnG5Xo

- **દીર્ઘીકા વાવ:** બત્રીસ હાથ લાંબી, ચાર હાથ પહોળી અને સાડા ત્રણ હાથ ઉંચી હોય છે; જે કેટલાકના મત પ્રમાણે 300 ધનુષ લાંબા જળાશયોને 'દીર્ઘીકા' કહેવાય.
- **ભોલરી વાવ:** જેનો અંદરનો ભાગ પહોળો રાખેલો હોય તેવી વાવ.
- **જીવતી વાવ:** અખૂટ પાણી વાળી વાવ, જે વાવમાં હંમેશા પાણી રહેતું હોય તેવી વાવ.

એટલું જ નહી પણ, વાવ ચાર પ્રકારની સાથે સાથે વિશ્વ વિખ્યાત ઇતિહાસકારો, પુરાતત્વવિદો, આર્કિટેક્ટ્સ એ વાવોને અન્ય પ્રકારોમાં વહેંચી છે, જે નીચે પ્રમાણે છે.

- **સપ્તમુખી વાવ:** સાત દ્વારવાળી વાવ, જેનું ઉદાહરણ વડોદરાના ડભોઈના તળાવ પાસે આવેલી વાવ.
- **કાટખુણી વાવ:** જે વાવનો આકાર અંગ્રેજીના 'L' આકારમાં હોય તેવી વાવ, તેનું ઉદાહરણ અમદાવાદના પાંચકુવા પાસે આવેલી અમૃતવર્ષિણી વાવ અને મોડાસાની વણઝારી વાવ.
- **હેલીકલ વાવ:** જે વાવ કૂવાની રચનામાં હોય અને તેના પગથીયા ફરતે ઉતરતા હોય તેવી વાવ, જેનું ઉદાહરણ હાલોલથી આશરે ૭ કિમીના અંતરે આવેલી ચાંપાનેરની વાવ.
- **ભમતીવાળી વાવ:** કૂવાની ફરતે પરસાળ (કોરીડોર) તૈયાર કરવામાં આવેલી હોય તેવી વાવ, નું ઉદાહરણ જુનાગઢના વંથલીમાં આવેલ ભમતીવાળી વાવ.
- **કુંડ વાવ:** પગથીયા મોટો હોજ (પૂલ) હોય તેવી વાવ, જેનું ઉમદા ઉદાહરણ સાબરકાંઠાના મુતેડી ગામની વાવ અને કપડવંજની કુંડ વાવ.
- **ભમ્મરીયો કૂવો:** આ કૂવાના આકારની હોય છે અને ભમતીવાળી વાવની માફક આને પણ ફરતે પગથીયા હોય પણ ભમ્મરીયો કૂવો પ્રકારની વાવમાં ફરતે પરસાળ જોવા મળે છે એટલે કે પરસાળમાંથી પગથીયા વાટે નીચે જળ સુધી પહોચી શકાય છે. એનું પરફેક્ટ ઉદાહરણ દેહગામ પાસેના હાલીસાનો ભમ્મરીયો કૂવો.

## 7. ઉપસંહાર

'વાવ' એ પાણીના સંગ્રહ માટે તૈયાર કરવામાં આવેલ જળ-સ્થાપત્ય છે. હિંદુધર્મ ગ્રંથોએ જળાશયોના બાંધકામને પૂર્વધર્મમાં સ્થાન આપીને તેને પુણ્યનું કાર્ય ગણાવ્યું હોઈ રાજા-મહારાજાઓ, રાણી, સુલતાન તેમજ તેમના પરિવારજનો, શ્રેષ્ઠીઓ, વણઝારો વગેરે પુણ્ય પ્રાપ્ત કરવા વાવ બનાવડાવી છે. ભારતમાં સિંધુ ખીણની સંસ્કૃતિ, ગુપ્ત કાળ, મૈત્રકકાળ, સોલંકી-વાઘેલા કાળ, મુસ્લિમ-મરાઠા કાળ તેમજ  બ્રિટીશકાળમાં ક્રમશઃ વાવોના નિર્માણ થયેલા જોવા મળે છે, જે નંદા, ભદ્રા, જયા અને વિજયાઃ મુખ્ય પ્રકારોની સાથે સાથે દીર્ધીકા વાવ, ભોલરી વાવ, જીવતી વાવ, સપ્તમુખી વાવ, કાટખુણી વાવ, હેલીકલ વાવ, ભમતીવાળી વાવ, કુંડ વાવ અને ભમ્મરીયો કૂવોના પ્રકારમાં જોવા મળે છે.

## સંદર્ભસૂચિ

ઠાકર, કપિલ (2007), બનાસકાંઠા જિલ્લાની વાવનું ઐતિહાસિક અધ્યયન, અમદાવાદઃ ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠઃ 24

પરમાર, કુમારપાળ (2022), "વાવઃ એક સ્થાપત્ય કોહિનુર", કસુંબો (ઇ-મેગેઝીન): 7 (ફેબ્રુઆરી-2022), અમદાવાદઃ રૈન્બો ફોર્સ ફાઉન્ડેશનઃ 1-4

પરમાર, કુમારપાળ અને રાકેશ પરમાર, (2022), "વણઝારી વાવ"ની કથા, સુરેન્દ્રનગર જિલ્લાની વાવઃ માધા વાવ, https://www.youtube.com/ watch?v=9k9CNYdUho8&t=6s

પંડ્યા, મહેશચંદ્ર. (1999), ઉત્તર ગુજરાતની વાવો (ઈ.સ.942 થી 1500), (સંપા. સુભાષ બ્રહ્મભટ્ટ, ભારતી શેલત, વાય.કે. ચિતલવાલા અને રવિ હજરનીસ), પથિક. દીપોત્સવાંક-ઓક્ટો.-નવે.1999. 40 (1, 2, 3): 97-101

Parmar, Kumarpal (2023), વણઝારી વાવ, મોડાસા, અરવલ્લી_Vanjhari/Vanzari Vav, Modasa, Arvalli, 15-05-2023 retrieval from https://www.youtube.com/watch?v=w0PV7NnG5Xo

Pandya, Sumanben and Kumarpal Parmar (2019), Stepwell: Archictural Tresure of Gujarat A Guidebook, Ahmedabad: Historical and Cultural Research Center

Parmar, K. (2023). Stepwells of MADHA as Ancient Water Harvesting Architectural Heritage _પ્રાચીન જલ સ્થાપત્ય તરીકે માધા વાવ. Kasumbo. 10: 1-4

ભગવદ્ગોમંડલ https://gu.wikipedia.org/wiki/%E0%AA%B5%E0%AA%BE%E0%AA%B5

https://www.bbc.com/future/article/20211012-the-ancient-stepwells-helping-to-curb-indias-water-crisis